


સેક્ટર-૧૩માં ગરવી ગુર્જરી પાસે છેલ્લા કેટલાક દિવસોથી ગટર ઉભરાઈ રહી છે. જેના પરિણામે આસપાસ રહેતા વસાહતીઓ અને અહીંથી પસાર થતા વાહનચાલકોને ભારે દુર્ગંધ સહન કરવી પડી છે.

# દેશી દારૂના પીઠાઓ પર સેક્ટર-૭ પોલીસના દરોડા

## દારૂ વેચતી ત્રણ મહિલા બુટલેગર તથા ત્રણ પીધેલા શખ્સો મળી છની ધરપકડ : એક મહિલા બુટલેગર વોન્ટેડ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૫ ફતેપુરા, વાવોલ જેવા વિસ્તારોમાં દેશી દારૂનો વેપલો હજુ ચાલતો હોવાની બાતમીને આધારે સેક્ટર-૭ પોલીસે દરોડાઓ પાડી સપાટો બોલાવી દીધો હતો. ત્રણ મહિલા બુટલેગરોને દારૂ વેચતા તથા ત્રણ શખ્સોને દારૂ પીધેલી હાલતમાં મળીને છ શખ્સોની ધરપકડ સે. ૭ પોલીસે કરી છે. તે ઉપરાંત એક મહિલા બુટલેગર હજુ વોન્ટેડ છે.

સેક્ટર-૭ પોલીસની ટીમે બાતમીને આધારે સેક્ટર-૧૫ ફતેપુરા અને વાવોલમાં ચાલતા દેશી દારૂના પીઠાઓ ઉપર દરોડા પાડ્યા હતા. સે. ૧૫ ફતેપુરામાં દેશી દારૂનો વેપલો કરતા મંજુલા બળદેવ ઠાકોર ઝડપાઈ ગઈ હતી. તે ઉપરાંત ભરત મોહન સોલંકી, ગૌતમ પરમાર અને રોહીત મોહન સોલંકી મળી ત્રણ શખ્સો તે વિસ્તારમાંથી પિધેલી હાલતમાં પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. તે ઉપરાંત વાવોલમાંથી બે લીટર દેશી દારૂ વેચતા ધુળીબેન સેંધાજી ઠાકોર તથા ફતેપુરામાં ૩ લીટર દેશી દારૂ વેચતા શોભનાબેન અભેસિંહ ઝાલાને પકડી પાડવામાં આવ્યા છે. જ્યારે વાવોલ ગામની મહિલા બુટલેગર કોકીલાબેન રમેશભાઈ ઠાકોર હજુ વોન્ટેડ છે. સે. ૭ પોલીસે છ ની ધરપકડ કરીને ફરાર બુટલેગરની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૫૮

### તાપમાન

મહત્તમ : ૩૭.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૩૪ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

**સ્ક્રીન-૧ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**

બાજા બજા દેગે : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

ડ્રેગન બ્લેક : ૪.૧૫

**સિટીપલ્સ**

**: સ્ક્રીન-૨ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ : ૧૨.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩ :**

ડ્રેગન બ્લેડ (ઈંગ્લીશ) : ૨.૪૫

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (ઈંગ્લીશ) : ૧૧.૦૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૪ :**

હંટર : ૧૨.૪૫, ૧૦.૦૦

બરખા : ૧૦.૦૦, ૩.૪૫

એન.એચ-૧૦ : ૬.૪૫

**સ્ક્રીન-૫ :**

કેનવાસ (ગુજરાતી) : ૯.૦૦

બરખા : ૧૨.૩૦

એન.એચ-૧૦ : ૩.૩૦, ૧૦.૦૦

હંટર : ૪.૪૫

### આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબીજનો સાથે મતભેદ ઉકેલાશે.

**મિથુન** : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. વ્યપાર- રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : પ્રતિસ્પર્ધાના પરીક્ષાર્થીઓ માટે ચયન પરીક્ષાઓમાં ઉત્તમ અવસર. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠામાં વધારો થશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તે ધ્યાન રાખવું.

### ચિરવિદાય

- સ્વ. રાઠોડ કનુભાઈ ત્રિકમલાલ (ઉ.વ.૬૬) પ્લોટ નં. ૫૮૭/૧, સેકટર-૨૮, ગાંધીનગર
- સ્વ. વિદ્યાબેન કિશોરચંદ્ર દેસાઈ (ઉ.વ.૭૮) પ્લોટ નં. ૬૩૯, એફ-૨, પ્રમુખ આનંદ ફલેટ, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. પ્રતાપરાય ચતુરદાસ કિકાણી (ઉ.વ.૭૭) પ્લોટ નં. ૨૮૬/૧, સેકટર-૩બી, ગાંધીનગર
- સ્વ. સમુબેન દેવસિંગભાઈ ઠાકોર (ઉ.વ.૯૦) સેકટર-૧૩ના છાપરાં, ગાંધીનગર
- સ્વ. નેહા કશ્યપ દવે (ઉ.વ.૫૧) બી-૫/૨, જીઈબી કોલોની, ગાંધીનગર
- અમરસિંગ જેસંગજી ઠાકોર (ઉ.વ.૩૪) ૯૭૩/૧, સેકટર-૩ડી, ગાંધીનગર
- સ્વ. સીતાબેન શકરાભાઈ (ઉ.વ.૮૨) ૭, મેઘધનુષ, વિભાગ-૩, સરગાસણ, ગાંધીનગર

# મા-બાપથી વિખૂટા પડી ગયેલા ઝારખંડના બાળકને પોલીસે પરિવાર સુધી પહોંચાડ્યો

## પથિકાશ્રમ એસટી ડેપો પાસેથી મળી આવેલ ૧૧ વર્ષીય પરપ્રાંતિય બાળકને પોલીસે સઘન તપાસ કરી સંબંધીને સોંપ્યો : બાળક તેની નાની સાથે રોજી-રોટી રળવા આવ્યો ત્યારે કાલુપુરથી છુટો પડી ગયો હતો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન ગઈકાલે પથિકાશ્રમ એસટી ડેપો પાસેથી એક પરપ્રાંતિય બાળક મળી આવ્યો હતો. જેની પરિસ્થિતિ પરથી તે મા-બાપથી વિખૂટો પડી ગયો હોવાનું જણાયું હતું. પોલીસે બે દિવસની સઘન તપાસના અંતે બાળકના ઝારખંડ ખાતેના સંબંધીને શોધી બાળકનો કબ્જો સોંપ્યો હતો.



બનાવની વિગત એવી છે કે તા. ૬ઠ્ઠી એપ્રિલના રોજ પીએસઆઈ એન.એન. ચાવડા તેમજ એએસઆઈ અબ્બાસમીયાં અને પોલીસ કોન્સ્ટેબલ ભૌમિકકુમાર તથા જયવિરસિંહની ટીમ ગાંધીનગરમાં પેટ્રોલીંગ કરી રહી હતી. આ દરમ્યાન પથિકાશ્રમ એસટી ડેપો નજીકથી તેમને એક પરપ્રાંતિય બાળક નામે છોટુકુમાર મેઘુનાથ નેનવા (રહે. બાબુપુર, તા. રાજમહેલ, જી. સાહેબગંજ, ઝારખંડ, ઉં.વ. ૧૧) મળી આવ્યો હતો. તેની પરિસ્થિતિ પરથી જાણવા મળ્યું હતું કે બાળક તેના મા-બાપથી વિખુટુ પડી ગયું છે. આ બાળક ગુજરાતી ભાષા સમજી કે બોલી શકતો ન હતો. તેની ભાષા બોલી સમજી શકે તેવી વ્યક્તિ મારફતે પુછપરછ કરતા આ બાળક બે એક દિવસ અગાઉ તેની નાની બજયંતી દેવી સાથે રોજી-રોટી રળવા અમદાવાદ આવ્યો હતો. ત્યારે કાલુપુર રેલવે સ્ટેશનેથી છુટુ પડી ગયું હતું. બાળકે તેનું સરનામુ જણાવતા પીએસઆઈ ચાવડાએ ખંતપૂર્વક પ્રયાસ હાથ ધરી ઝારખંડના સાહેબગંજ જિલ્લાના બાબુપુર ગામે રાજમહેલ પોલીસ સ્ટેશને જાણ કરી હતી.

બાળકના સગા-સંબંધીઓની ભાળ મેળવી એલસીબીએ આજે તેના સંબંધી છોટુકુમાર ગુરૂદેવસિંહ રાજપુતને બાળકનો કબ્જો સોપ્યો હતો. ગાંધીનગર પોલીસના સઘન અને હકારાત્મક પ્રયાસથી એક માસુમ બાળક તેના પરિવાર સુધી પરત ફરતાં સગા-સંબંધીઓ અને પોલીસકર્મીઓએ રાહતનો દમ લીધો હતો.

# શહેરના જાણીતા સિનિયર મહિલા એડવોકેટ નેહાબેન દવેનો આપઘાત

## પોતાની મરજીથી આપઘાત કરતાં હોવાની ચિઠ્ઠી લખી જીઈબીમાં પોતાના ઘરે જ ગળેફાંસો ખાઈ લેતા સન્નાટો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરના જાણીતા મહિલા સિનિ. એડવોકેટ અને સામાજીક કાર્યકર્તાએ ગઈ સમી સાંજે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. ખુબ મિલનસાર સ્વભાવના અને નિર્વિવાદીત વ્યક્તિત્વ ધરાવતા ૫૧ વર્ષિય મહિલાએ જીઈબી કોલોનીમાં પોતાના ઘરે જ એકાંતમાં અંતિમ પગલુ ભરી લીધુ હતુ. હું મારી મરજીથી આપઘાત કરૂ છુ, મારા આપઘાત પાછળ કોઈ દોષીત નથી... નું લખાણ એક કાગળમાં લખેલી મરણચિઠ્ઠી પણ મળી આવી છે. સે. ૨૧ પોલીસે આપઘાત પ્રકરણમાં તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગાંધીનગર સ્થિત જીઈબી કોલોની મકાન નં. બી-૫/૨ ખાતે રહેતા ૫૧ વર્ષિય નેહાબેન કશ્યપભાઈ દવે ગાંધીનગર કોર્ટમાં પ્રેકટીસ કરતાં સિનિ. એડવોકેટ હતા. તે ઉપરાંત તેઓ સામાજીક સેવાકીય પ્રવૃત્તિઓ સાથે પણ સંકળાયેલા રહેતા હતા. તેમનો દિકરો કાયદાનો અભ્યાસ કરે છે. જ્યારે દિકરી સાસરે છે.

ગઈકાલે સાંજના અરસામાં નેહાબેન પોતાના ઘરે એકલા હતા તે દરમ્યાન કોઈ અગમ્ય કારણોસર તેમણે ગળેફાંસો ખાઈ લઈ જીવન ટુંકાવી દીધુ હતુ. તેમનો દિકરો ઘરે આવ્યો ત્યારે માતાએ આપઘાત કરી દીધેલી હાલમતાં જોઈ તેના પગ તળેથી જાણે જમીન સરકી ગઈ હતી. સેક્ટર-૨૧ પોલીસને ઘટનાની જાણ થતા મહિલા પીએસઆઈ બી.એમ. યાદવ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. નેહાબેનના મૃતદેહ પાસેથી એક સિઠ્ઠી મળી આવી હતી.જેમાં લખ્યુ હતુ કે હુ મારી મરજીથી આપઘાત કરૂ છુ. મારા આપઘાત પાછળ કોઈ દોષીત નથી... પોલીસે ચિઠ્ઠી કબજે લઈ કાર્યવાહી શરૂ કરી છે.

# લેકાવાડા ગામમાંથી દારૂની બે બોટલ સાથે યુવાન ઝડપાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર નજીક સ્થિત લેકાવાડા ગામમાં અંબિકાનગર વાસમાંથી આજે બપોરના અરસામાં ચિલોડા પોલીસે બાતમીને આધારે દારૂની બોટલો સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. રાજેન્દ્રસિંહ જુજારસિંહ વાઘેલા નામના શખ્સની ચિલોડા પોલીસે રૂ. ૧૨૦૦ની કિંમતની બે વિદેશી દારૂની બોટલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.



ગાંધીનગરના ખુલ્લા માર્ગો પર બેફામ ગતિએ જતા તેમજ મોબાઈલ પર વાતો કરતા વાહનો ચલાવવાનો ક્રેઝ છે. આમાં જ અકસ્માતો થાય છે. ગઈકાલે ઘ-૪॥ પાસે ત્રણ કારો વચ્ચે ટક્કર થઈ અને ગરમા-ગરમીનો માહોલ શરૂ થયો, લોકો પણ એકઠા થઈ ગયા. આખરે સમજુ માણસોની સમજાવટથી મામલો થાળે પડ્યો. સદનસીબે કોઈને ઈજા થઈ ન હતી.

(તસવીર : કશ્યપ નીમાવત)

# સાયન્સ સિટી ખાતે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૭

શ્રીમતિ ભાવનાબેન ગોકલાણીના મધુરકંઠે આનંદનો ગરબો તા. ૧૨ એપ્રિલ, બુધવારના રોજ નરેશભાઈ ઠક્કરના નિવાસસ્થાન, મલય બંગલો, બહુચરમાતાના મંદિર પાછળ, સાયન્સ સિટી રોડ અમદાવાદ ખાતે યોજાશે.

**રક્તદાન મહાદાન**



ગત જાન્યુઆરી માસમાં મહાત્મા મંદિર ખાતે યોજાયેલી વાયબ્રન્ટ સમિટ પહેલા જ્યાં જ્યાંથી મહાનુભાવો પસાર થવાના હતા ત્યાંના બસ સ્ટેન્ડ રાતોરાત નવા બનાવીને નવા નક્કોર બોર્ડ તેના પર લગાવી દેવાયા પરંતુ મહાનુભાવો પસાર થવાના ન હોય તે માર્ગો પર આવેલા બસ સ્ટન્ડની હાલત તો જરીપુરાણી જેવી જ રહી. ઘ-૬નું બસ સ્ટેન્ડ તેમાનું એક છે ઘ-૬નું બસ સ્ટેન્જ તુટી ગયેલી હાલતમાં હોવાથી મુસાફરોને આકરા તડકામાં બસની રાહ જોવી પડે છે.


# કોઠા ગામે હડકમાઈ માતાજીના મંદિરે દેવી ડાયરાનું આયોજન

## દેવી પૂજક સમાજના આરાધ્ય દેવીના ધામે ધર્મશાળા બનાવવાનું આયોજન : શનિ-રવિ બે દિવસ મહાપ્રસાદ અને ડાયરાનું આયોજન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં કોઠા ગામે દેવીપૂજક સમાજની આરાધ્ય દેવી માતા હડકમાઈનું સુવિખ્યાત મંદિર આવેલું છે. આ મંદિરે દેવીના દર્શનાર્થે આવતા ભકતજનોના ઉતારા અને સેવા માટે ધર્મશાળા બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ધર્મશાળા બાંધવા માટે દાન-ભંડોળ મેળવવા તા. ૧૧ અને ૧૨ એપ્રિલે (શનિ-રવિ) દેવી ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

હડકમાઈ માતાજીના મંદિરે ધર્મશાળાનું નિર્માણ કરવા કોઠા ગામે ૧૧,૫૦૦ ચો. વાર જમીન ખરીદવામાં આવી છે. હડકમાઈ માતાજીના સંદેશ અનુસાર દેવીપૂજક સમાજને અંધકારમાંથી બહાર લાવવો હોય તો આર્થિક સામાજિક, શૈક્ષણિક અને વ્યસનમુકિતની જયોત જગાવવી જરુરી છે. આ જયોત પ્રગટાવવાની શરૂઆત કોઠા ધામથી થઈ છે. ધર્મશાળાના નિર્માણ માટે દેવી ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૧મી એપ્રિલ શનિવારે લોકડાયરો અને મહાપ્રસાદનું આયોજન કરાયું છે. બીજા દિવસે રવિવારે દેવી ડાયરો યોજાશે. લોક ડાયરામાં ૧૨ લોક કલાકારો અને દેવી ડાયરામાં ૨૨ કલાકારો લોક સાહિત્ય અને ભકિત રસની છોળો ઉડાડશે.



## સેક્ટર-૨-સી ખાતે ભાગવત સત્સંગ પારાયણ

શહેરના સેક્ટર-૨-સી ગણેશચોક ખાતે શ્રીમદ્ ભાગવત પારાયણ યોજાઈ રહી છે. જેમાં ભાગવત ભક્ત કિર્તનકેશરી ગૌભક્ત શ્રી મુકુંદ મહારાજ પોતાની શૈલીમાં શ્રોતાઓને રસતરબોળ કરી રહ્યા છે. ભાગવત પારાયણમાં શહેરના વિવિધ મહિલા મંડળ દ્વારા સહયોગ આપવામાં આવી રહ્યો છે. ત્યારે ધર્મપ્રેમી જનતાને પારાયણનો લાભ લેવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે. પારાયણની પૂર્ણાહુતિ ૧૩ એપ્રિલના રોજ સાંજે ૫.૦૦ વાગે કરવામાં આવશે.

# પંચામૃત ભવનનો પ્રોજેકટ પડતો મુકતા શહેર વસાહત મહામંડળે આભાર માન્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની હરિયાળી છીનવી પંચામૃત ભવનનું નિર્માણ કરવામાં આવનાર હતું. નગરના પર્યાવરણ પ્રેમીઓએ નિસર્ગના ભોગે પંચામૃત નહિ તે માટે અહિંસક આંદોલન કર્યું હતું. સરકાર દ્વારા પંચામૃત ભવનનો પ્રોજેકટ પડતો મુકવાનું જાહેર કર્યુ છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળે સરકારનો આભાર વ્યકત કર્યો છે.

ગાંધીનર શહેર વસાહત મહામંડળે જણાવ્યું છે કે ગાંધીનગરમાં અસંખ્ય વૃક્ષોનું કાસળ કાઢી પંચામૃત ભવન નિર્માણ કરવામાં આવાર હતું. લીલ વનરાજી વચ્ચે હજ્જારો જીવો નિર્વાહ કરી રહ્યા છે તેમજ નગરની વનરાજી એ નગરની ઓળખ છે ત્યારે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, મંત્રી નીતિનભાઈ પટેલ, મુખ્ય સચિવ ડી.જે. પાંડીયનનો પ્રોજેકટ પડતો મુકવા માટે ઋણ સ્વિકારી આભાર વ્યકત કર્યો છે. પુનઃ ગાંધીનગરને હરિયાળા શહેરની હરોળમાં મુકવા કટિબદ્ધ બને તેવું જણાવ્યું છે.